# SAMYAG GYAN SHALA

## Samyag Gyan Thi Super Star

6, Shanti Niketan Soc, B/h Gujarat College, Nr. Hotel Inder Residency, Ellisbridge, Ahmedabad-380006, Gujarat, India.

# શિક્ષકના નિયમો

**(શિક્ષકે ખાસ યાદ રાખવાનું કે "Leaders Are Big Servant")**

"જો સેવાના ભાવ આવશે તો અનંતા કર્મોની નિર્જરા થશે અને સત્તાના ભાવથી નવા કર્મ બંધાશે."

1. શિક્ષકનો પહેરવેશ સફેદ હોવો જોઈએ. જે પાઠશાળામાં અવશ્ય પહેરીને આવવાનો રહેશે.
2. પાઠશાળાના બાળકોને "તમે" કહેવું "બહેન", "ભાઈ" એવા માનવાચક શબ્દો વાપરવા.
3. "ના તમે ખોટા છો." ક્યારેય ન કહેવું એના બદલે “બીજું શું આવે?”, “ચાલો બીજા કોણ આનો જવાબ આપશે?” આવી રીતે હકારાત્મક વલણ રાખી શકાય.
4. શિક્ષક પાઠશાળામાં પહોંચી ન શકવાના હોય તો ગ્રુપ લીડરને અગાઉથી જાણ કરવી.
5. નિયત કરેલ ટાઈમ-ટેબલ પ્રમાણે જ ચાલવું, પાઠશાળામાં પ્રાર્થના, સંસ્કાર વિભાગ, વાર્તા સમયસર પૂરાં કરવા. TOPIC RELATED EXTRA KNOWLEDGE આપવાની ભાવના હોય તો તેનો એક SESSION રાખવો.
6. શિક્ષકને પ્રશ્ન ઉપસ્થિત થાય તો ગ્રુપ લીડરને પૂછીને વ્યવહાર કરવો.
7. જે જવાબદારી સોંપવામાં આવે તેને નિષ્ઠાપૂર્વક નિભાવવી.
8. આપણી મર્યાદાને લક્ષમાં રાખીને જવાબદારી સ્વીકારવી.
9. જો કદાચ મતભેદ થાય તો પણ મનભેદ ન રાખવો. અંદરના મતભેદથી બહારની વ્યક્તિ સાથે ચર્ચા ન કરવી. એકતા રાખવી. વાણી ઉપર સંયમ રાખવો.
10. શિક્ષકો નિર્વ્યસની બને. શિક્ષકો વિદ્યાર્થી સામે ગુસ્સો ન કરે તે ખૂબ જરૂરી છે.
11. કોઈના કામમાં બિનજરૂરી સલાહ-સૂચન ન કરી બીજા શિક્ષકની ભૂલો પ્રેમથી સુધારવી. પાઠશાળા/શિક્ષક સંબંધી વિશેષ સૂચન લખીને કો-ઓર્ડિનેટરને આપવું. આગળની જવાબદારી કો-ઓર્ડિનેટરની છે.
12. તમામ જવાબદારી સેવાના લક્ષ્યે સ્વીકારવી નિર્જરાના લક્ષ્યે સ્વીકારવી.
13. શિક્ષકોએ પાઠશાળામાં 5 મિનિટ પહેલા આવવું અને 5 મિનિટ મોડાં જવું.
14. સંસ્કાર વિભાગ બે મિનિટ પહેલાં પુરું કરવું.
15. શિક્ષકોએ પોતે શું શિખવવાનું છે તેની અગાઉથી જાણકારી લઈ લેવી. તેને અનુરૂપ વાર્તા, પોઈન્ટસ, પોતાનો અનુભવ ઉમેરીને તૈયારી કરવી. જેથી ક્લાસમાં વ્યવસ્થિત સમજાવી શકાય. (બાળકોને રસપ્રદ ઊદાહરણ આપવા.)

16. શિક્ષકોએ ગ્રુપ લીડરને નવા-નવા વિચારોની જાણકારી આપવી.

17. પાઠશાળાના ગુણોની વાત કરવી, અવગુણોની વાત બહાર ન કરવી. દરેક ટીચર્સે સમ્યગ્જ્ઞાન પાઠશાળા દ્વારા સેમેસ્ટરની શરૂઆતમાં લેવાતી Open-book Exam ફરજીયાત આપવાની રહેશે. જેથી આપને સેમેસ્ટરમાં બાળકોને ભણાવવાના Points અને Concept Clear થઈ જશે.

18. શિક્ષકોએ પાઠશાળા કે ઉપાશ્રયમાં પ્રવેશતા તરત જ મુહપતિ બાંધવી.

19. ધાર્મિક પુસ્તકો જમીન પર ન મૂકવા, જ્ઞાનનું બહુમાન કરવું. (ઠવણી, બાજઠ, ટેબલ, વિગેરેનો ઉપયોગ કરવો.)

20. શિક્ષકોએ ક્લાસ પુરો થતાં ક્લાસ રજીસ્ટરના પાઠશાળાના રિપોર્ટમાં પ્રતિભાવ લખવો અને શું ભણાવ્યું, નવા સૂચનો કે વિચારો લખવા.

21. શિક્ષકોએ "નમો જય જિનેન્દ્ર" જ બોલવું.

22. શિક્ષકોએ સમયસર હાજર રહેવું. જો હાજર ન રહે તો તે દિવસે ગેરહાજરી પૂરાશે તથા બીજી એક હાજરી ઓછી થશે.

**NOTE**

**દરેક ટીચર્સને 1 વર્ષમાં 4 પરીક્ષા આપવાની ફરજીયાત રહેશે.**

(1) **પ.પૂ.આ.ભગવંત સરદાર ગુરૂદેવ રચિત પાંચ ગીતોની પરીક્ષા**

(2) **વર્ષમાં 1 વખત જૈન દર્શન સ્વાધ્યાય સંઘ દ્વારા લેવાતી શ્રેણીની પરીક્ષા આપવી ફરજીયાત છે.**

(3) **દરેક સેમેસ્ટરની શરૂઆતમાં લેવાતી સમ્યગજ્ઞાનશાળાની Open-book Exam આપવી ફરજીયાત છે.**